# ૨૦૨૦–૨૦૨૧

## હુકમ નં.૧

**અરજદારની આઈ.ડી.નં.૬૫, તા.૩૦/૦૬/૨૦૨૦ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી** નં.SMC/FAP/BRIDGE CELL/ No.01/2020-21.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૧૦/૦૮/૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૧/૦૮/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૬૫, તા.૩૦/૦૬/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા ઉધના રોડ નં.૩ થી ડીડોલી બસ સ્ટોપ સુધી જે બ્રીજ બનાવવામાં આવેલ છે. તે અંગેના ખર્ચાઓ અંગેની સર્ટીફાઈડ નકલની માંગણી કરેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર (બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી યુ.કે.નાયક ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૫ પૈકીનાં મુદ્દા નં.૧ની પુર્તતા અંગે અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિની ચકાસણી કરી માહિતીની પુર્તતા કરી જરૂરી નકલ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ./૦૪, તા.૦૮/૦૭/૨૦૨૦થી જરૂરી ફી જમા કરાવવા તથા તથા પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ./૦૫, તા.૦૮/૦૭/૨૦૨૦ થી પુર્તતા પત્ર ધ્વારા અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી મળેલ નથી. તેમ જણાવી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે અરજદારશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પોતાના પક્ષ તા.૦૯/૦૯/૨૦૨૦ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી અરજદારને સમયમર્યાદામાં માંગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવા માટે જરૂરી ફી જમા કરાવવા જણાવવામાં આવેલ, જે બાદે અરજદાર ધ્વારા ઉકત માહિતી અર્થે માંગ્યા મુજબની ફી જમા કરાવેલ ન હતી.

**૬. રીમાર્કસ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર હાજર રહેલ ન હતા જા.મા.અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા અને તેઓને પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૬૫, તા.૩૦/૦૬/૨૦૨૦ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ અને નિયમ સમયગાળામાં જ આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૨**

**અરજદારની આઈ.ડી.નં.૧૧૩૧, તા.૨૦/૧૦/૨૦૨૦ ની અપીલ અરજી અંગે ની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી** નં.SMC/FAP/BRIDGE CELL/ No.03/2020-21.

**અપીલની તારીખ :–**

અરજદારની તા. ૨૩/૧૧/૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા. ૨૩/૧૧/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૧૧૩૧, તા.૨૦/૧૦/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા અત્રેના વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીશ્રીની અંગત માહિતીની માંગણી કરેલ છે.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી યુ.કે.નાયક ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં. ૧ થી ૧૦ ની માંગણી કરેલ છે. જે માહિતીની પુર્તતા બાબતે અરજદારને આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની કલમ –૮(૧) ની પેટા કલમ –(જ) મુજબ આપી શકાય તેમ નથી. જેની પુર્તતા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ./૧૮, તા.૦૩/૧૧/૨૦૨૦ ના પત્ર ધ્વારા અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગ્યા મુજબની માહિતી આપવાનો ઈનકાર કરેલ છે. તેમ જણાવી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે અરજદારશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પોતાના પક્ષ તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ રજુ કરવા બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટ –૨૦૦૫ ની કલમ –૮(૧) ના પેટા કલમ –(જ) મુજબ કોઈપણ કર્મચારીની અંગત માહિતી આપી શકાય નથી. જેને આધીન અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ. જેમાં બંને પક્ષકારોએ પોતાની રજુઆતો કરેલ હતી.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૧૧૩૧, તા.૨૦/૧૦/૨૦૨૦ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની કલમ –૮ ની પેટા કલમ (જ) અને (ઠ) મુજબ તમોને આપવામાં આવેલ જવાબ પરત્વે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

હુકમ નં. ૩

**અરજદારની આઈ.ડી.નં.૧૨૩૫, તા.૦૩/૧૨/૨૦૨૦ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.**SMC/BRIDGE CELL/FAP/IN.No.04/2020.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૨/૧૨/૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૧૨/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૧૨૩૫, તા.૨૮/૧૦/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા અરજીમાં રણજીત બિલ્ડકોન લી., કોન્ટ્રાકટર ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તકે આપવામાં આવેલ તમામ ટેન્ડર તેમજ કામો, કોન્ટ્રાકટ વિગેરેની કામગીરીની તા.૦૧/૦૮/૨૦૧૮ થી મજકુર માહિતીની માંગણી કરવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી યુ.કે.નાયક તથા શ્રી જે.એન.પટેલ ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૯ પૈકીનાં મુદ્દાઓની પુર્તતા અંગે અરજદાર સાથે માહિતીના સ્પષ્ટીકરણ તથા રેકર્ડની ચકાસણી માટે અરજદાર સાથે પત્ર વ્યવહાર બાદે અરજદાર ધ્વારા તા.૧૦/૧૨/૨૦૨૦ના રોજની રૂબરૂ મુલાકાત બાદ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ./૩૫, તા.૧૦/૧૨/૨૦૨૦થી જરૂરી ફી જમા કરાવવા જણાવતાં અરજદાર ધ્વારા તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ રૂ.૨૦/– રસીદ નં.૩૦૦/૯૩ તા.૧૭/૧૨/૨૦થી જમા કરાવતાં અત્રેના વિભાગનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ./૩૭, તા.૧૭/૧૨/૨૦૨૦ થી જરૂરી દસ્તાવેજો અરજદારને પુરા પાડવામાં આવેલ હતા.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી મળેલ નથી. તેમ જણાવી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે અરજદારશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પોતાના પક્ષ તા.૨૨/૧૨/૨૦૨૦ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જપણાવેલ કે, તેઓએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા અરજદારને બોલાવવામાં આવેલ જેમા અરજદાર રૂબરૂ હાજર રહી જોયતી માહિતી / દસ્તાવેજોની ચકાસણી કરી જરૂરી ફી જમા કરાવી માહિતી મેળવી લીધેલ છે. વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**૬. રીમાર્કર્સ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી તથા તેઓની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજી અંગેની કાર્યવાહી સંદર્ભે અરજદાર ધ્વારા જવાબ / પુર્તતા કર્યા પહેલા જ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેથી પ્રથમ અરજી બાબતે યોગ્ય જવાબ મેળવ્યા વિના અરજદાર ધ્વારા અપીલ અરજી કરવામાં આવેલ છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૧૨૩૫, તા.૨૮/૧૦/૨૦૨૦ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને રૂબરૂ ઈન્સ્પેકશન બાદ ઉપલબ્ધ રેકર્ડ / દસ્તાવજોની ચકાસણી બાદ માહિતી પુરી પાડવામાં આવેલ છે તથા અપીલ અરજી સંદર્ભે અરજદાર હાજર રહેલ ન હોઈ, આમ, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in